મુખ્યસેવિકા વર્ગ-૩ નુ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણમંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક.આઈસીડી-૧૦૨૦૧૬-૪૪૪૩૭૪-બ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૪-૦૮-૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૦૮/૦૭/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક.ઉપધ/૧૦૨૦૧૬/૧૦૦૮/ડ

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીની તા.૦૫/૦૧/૧૬ ની દરખાસ્ત.

આમુખઃ-

વંચાણ (૧) ના ઠરાવથી ત્રિસ્તરીય પંચાયતોના વર્ગ-૩ ના કર્મચારીઓનુ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવામા આવેલ છે.

વંચાણ (૨) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, દ્વારા મુખ્યસેવિકાના પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા દરખાસ્ત મળેલ છે. દરખાસ્તમા જણાવ્યા મુજબ મુખ્યસેવિકા જિલ્લા પંચાયત હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિયંત્રણ હેઠળ ફરજ બજાવે છે. મુખ્યસેવિકાની સેવાપોથી તેમજ સેવાકીય તમામ વિગતો જિલ્લા કક્ષાએ રહે છે. તેમજ મુખ્ય સેવિકાનુ મહેકમ ૨૩૧૧ છે. જે ઉત્તરોત્તર વધે છે. જેથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની આનુષાંગિક કાર્યવાહી માટે મુખ્યસેવિકાની સેવાપોથી તેમજ સેવાકીય રેકર્ડ જિલ્લા કક્ષાએથી મંગાવવામા ઘણો સમય નીકળી જાય છે. પરિણામે " કન્ટેમ્ટ ઓફ ધ કોર્ટ " થવાની શકયતાઓ રહેલી છે. મુખ્યસેવિકાના પ્રથમ

ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

મુખ્યસેવિકા એ પંચાયતના મહેકમ હેઠળ આવે છે. તેઓ પંચાયત હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા નિયંત્રણ હેઠળ ફરજ બજાવે છે. રાજ્યમાં મુખ્યસેવિકાઓનું કુલ ૨૩૧૧ નું મહેકમ છે. ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની પ્રક્રિયા ખૂબ જ ઝીણવટથી કરવાની અને લાંબો સમય માંગી લે તેવી નાણાકીય/વહીવટી બાબત છે. જિલ્લા કક્ષાએથી સેવાકીય વિગતો મંગાવવી, ચકાસણી કરવી તથા નિયત પ્રણાલિ મુજબ કાર્યવાહી હાથ ધરી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં અત્યંત વિલંબ થાય છે. જેથી મુખ્યસેવિકાનુ ઉચ્ચત્તર પગાર ધોરણ સમયમર્યાદામા મંજૂર કરી શકાતુ નથી. જેના કારણે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની અનેક હાઈકોર્ટ મેટર થયેલ છે. પરિણામે સરકારશ્રીના સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય છે. તેમજ કર્મચારીને સમયસર હક્ક નહિ મળવાથી અસંતોષ પેદા થાય છે. જેની વિપરીત અસર તેઓની કામગીરી પર તથા સરકારશ્રીની યોજના પર થાય છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા મુખ્યસેવિકા એ પંચાયતનુ મહેકમ હોઈ, તેઓની સેવાપોથી તથા સેવાકીય રેકર્ડ જિલ્લા કક્ષાએ સહેલાઇથી ઉપલબ્ધ થતુ હોઈ, વહીવટની સરળતા ખાતર મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા નીચે મુજબ ઠરાવવામા આવે છે.

ઠ રા વ:-

મુખ્યસેવિકા પંચાયતનુ મહેકમ હોઈ, તેઓની તમામ સેવાકીય વિગતો જિલ્લા કક્ષાએ રહેતી હોઈ, મુખ્યસેવિકાઓના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામા વધુ વિલંબ ન થાય અને વહીવટી પ્રક્રિયા વધુ સરળ તથા ઝડપી બની રહે તે હેતુસર કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે પંચાયત સેવાના વર્ગ -૩ ના કર્મચારી મુખ્યસેવિકાના પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા અંગેની સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવે છે.

મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧) જે મુખ્યસેવિકાને તા.૧૪/૦૧/૧૯૯૩ પહેલા નોકરીમા ૯ વર્ષ પૂર્ણ થતા હોય તેઓને ખાતાકીય પરીક્ષાના નિયમો સરકારશ્રીના તા.૧૪/૦૧/૧૯૯૩ ના નોટીફિકેશનથી બનેલ હોઈ તેઓને પરીક્ષાના નિયમો લાગુ પડતા ન હોઈ, તેઓને ખાતાકીય પરીક્ષા પાસ કર્યા વગર નોકરીમા સળગ ૯ વર્ષ પૂર્ણ થયેથી પ્રથમ ઉપધો મળવાપાત્ર થાય છે.

(૨) જે કિસ્સામા કર્મચારીને નોકરીમા ૯ વર્ષ પૂર્ણ થયા તે પહેલા તેને પરીક્ષા પાસ કરવા માટે નિયત તક મળેલ છે., આમ છતા પરીક્ષા પાસ કરેલ નથી, તેવા કિસ્સામા કર્મચારી પરીક્ષા પાસ કરે તે તારીખથી મંજૂર કરવાનુ રહેશે.

(૩) જે કિસ્સામાં મુખ્યસેવિકા પ્રતિનિયુક્તિથી અન્ય કચેરી/વિભાગમા ફરજ બજાવતા હોય તેવા કિસ્સામા સંબન્ધિત મુખ્યસેવિકાનું મૂળ લીયન જ્યાં હોય એ જ કચેરી દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની કાર્યવાહી કરવાની રહેશે. જેથી એકરૂપતા અને સુસંગતતા જળવાય.

(૪) ઉચ્ચત્તર પગાર ધોરણ બાબતે ઘણા મુખ્યસેવિકાઓ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમા પીટીશન દાખલ કરવામાં આવેલ છે. આવા કિસ્સામા નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાનો અનાદર ન થાય તે અનુસાર કાર્યવાહી કરવાની રહે છે. જે પીટીશનમા સરકારશ્રીને પાર્ટી બનાવેલ હોય તે કેસમા કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. આ ઠરાવ બહાર પડ્યાની તારીખ સુધીમાં આવા કોર્ટ કેસોમાં સંલગ્ન મુખ્ય સેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની જેટલી દરખાસ્તો કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગમાં હોય તે તમામ દરખાસ્તો સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવશે.

(૫) મુદ્દા નં (૪) માં દર્શાવ્યા સિવાયની તમામ દરખાસ્તો અર્થાત ઠરાવ બહાર પડ્યા પછીની દરખાસ્તો/કોર્ટ કેસમાં સંલગ્ન ન હોય તવી દરખાસ્તો પરત્વે જિલ્લા/મ્યુ. કોર્પોરેશન કક્ષાએ કાર્યવાહી કરવાની રહેશે. સંબંધિત જિલ્લા/મ્યુ. કોર્પોરેશનની આઇ.સી.ડી.એસ. કચેરી દ્વારા મુખ્ય સેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. દરખાસ્તો તૈયાર કરી જિલ્લા/મ્યુ. કોર્પોરેશન કક્ષાએ રચાયેલ સક્ષમ સમિતીની ભલામણ માટે મૂકવાની રહેશે. સમિતીની ભલામણના આધારે જિલ્લા વિકાસ

અધિકારીશ્રી/મ્યુનિસીપલ કમિશ્નરશ્રી કક્ષાએથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાના આદેશ કરવાના રહેશે.

(૬) મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્ત પંચાયતોના વર્ગ -૩ના કર્મચારી માટેના નિયત પત્રકમાં અને નિર્દેશ કરેલ પ્રણાલિ મુજબ કરવાની રહેશે. મુખ્યસેવિકાને જે તારીખે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તે પહેલાના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ - કામગીરી મૂલ્યાંકન અહેવાલ, ખાતાકીય તપાસની વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૭) આ ઠરાવ બહાર પડ્યેથી ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / તમામ મહાનગરપાલિકા ના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ દ્વારા સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ અને તા.૨/૭/૨૦૦૭ ના સ્થાયી ઠરાવનો ચુસ્તપણે અમલ કરી, વખતો વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સુચનાઓને ધ્યાને લઇ આ ઠરાવનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૫/૮/૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વૃર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,(પંચાયત) સ્વર્ણિમ સંકુલ - ૨,સચિવાલય,ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
-માન.સંસદીય સચિવશ્રી,(મ.બા.ક)ના અંગત સચિવશ્રી બ્લોક નં.૨/૫મો માળ,સચિવાલ, ગાંધીનગર.

-સંચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

-નાયબ સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-વિકાસ કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

-નિયામકશ્રી(આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

-સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

-સબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.

-સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રીઓ,

-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,

-નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર.

-નાયબ સેકશન અધિકારી

-શાખા સિલેકટ ફાઇલ.